સુરતના બે યંગસ્ટર્સની અનોખી શિવ ભક્તિ : કતારગામના ૧૮ અને ૧૬ વર્ષના બે યુવાનોએ સાયકલ પર કરી ચારધામ યાત્રા

સુરત

સુરતના કતારગામ વિસ્તારના ૧૮ અને ૧૬ વર્ષના બે યુવાનો સાદી સાયકલ લઈને ૧૦ મેના રોજ સુરતથી ચારધામની યાત્રાએ નીકળ્યા હતા. આ બંને યુવાનોએ ૩૬ દિવસમાં ચારેય ધામના સફળ દર્શન કરી ગઈકાલે કતારગામ આવ્યા હતા ત્યાં સ્થાનિક લોકોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. ઉત્તરાખંડ સુધી રોજના ૯૦થી ૧૧૦ કિલોમીટર સાયકલ ચલાવી હતી. પરંતુ ઉત્તરાખંડની યાત્રામાં તેઓએ રોજના ૩૫થી ૫૦ કિલોમીટરનો પ્રવાસ કર્યો હતો. ચારેય ધામના દર્શન બાદ તેઓ બદ્રીનાથથી હરિદ્વારા અને ત્યાંથી ખાનગી વાહનમાં ગઈકાલે સુરત આવ્યા હતા જ્યાં તેઓનું સ્થાનિકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

ચારધામની યાત્રા શરૂ થતાની સાથે જ સુરત સહિત દેશના જુદા જુદા ભાગમાંથી લોકો જુદા જુદા માધ્યમનો ઉપયોગ કરીને ચાર ધામની યાત્રાએ પહોંચતા હોય છે. ખાનગી વાહનોમાં આરામદાયક રીતે અનેક લોકો પ્રવાસ કરે છે. તેમ છતાં ઘણાં લોકોની ચાર ધામની યાત્રા અધુરી રહી જાય છે. પરંતુ સુરત કતારગામના ૧૮ વર્ષનો રોહિત વરિયા અને ૧૬ વર્ષીય સાહિલ ઉનાગરએ અનોખી શિવ ભક્તિ કરી છે અને માત્ર ૩૬ દિવસમાં સાદી સાયકલનો ઉપયોગ કરીને ચારેય ધામના દર્શન પુરા કર્યા છે.

આ પહેલા આ બંને યુવાનો સુરતથી દ્વારકા દર્શન માટે સાયકલ પર ગયાં છે તેઓને સાહસ કરવા સાથે શિવજીના દર્શન કરવા માટેનો નિર્ધાર કર્યો હતો. તેઓએ શરૂઆતમાં ઘરના વડિલોએ આ સાહસ માટે ના પાડી હતી પરંતુ ત્યારબાદ તેઓ માની ગયા હતા. ૧૫ મેના રોજ આ બંને યુવાનો કતારગામ થી સાયકલ લઈ ચારધામની યાત્રા નીકળ્યા હતા. રોહિત વરિયા કહે છે, અમે નીકળ્યા ત્યારે ઘણા લોકોને આશંકા હતી કે અમારો પ્રવાસ પૂરો થશે કે કેમ પરંતુ અમને અમારામાં અથાગ આત્મવિશ્વાસ સાથે શિવજી પર શ્રદ્ધા હતી. તેના કારણે અમારી આ યાત્રા અમે સફળતા પૂર્વક પૂરી કરી શક્યા છીએ. સૌથી વધુ કઠિન રસ્તા આ યુવાનોને યમુનોત્રીનો લાગ્યો હતો ત્યાં સૌથી વધુ મુશ્કેલી પડી હતી પરંતુ ભગવાન પરની શ્રદ્ધાના કારણે અમે ડગ્યા ન હતા.

ચારધામની યાત્રા દરમિયાન રસ્તા માટે ગુગલનો ઉપયોગ કર્યો છે પરંતુ તેના કરતાં પણ વધુ સારી રીતે રસ્તો સ્થાનિકોએ રસ્તો બતાવ્યો હતો. ગુજરાત અને સુરતથી સાયકલ પર ચાર ધામ યાત્રા આવ્યા તે જાણીને સ્થાનિકો દ્વારા ઘણી મદદ કરવામાં આવતી હતી અને તેમનો ભોજન પણ સારી રીતે આપવામા આવતું હતું.

ગઈકાલે આ યુવાનો સુરત આવ્યા ત્યારે કતારગામ કંતારેશ્વર મંદિરે ધૂમ ધામ થી સ્વાગત કરી બંને યુવાનોને ઘોડા પર બેસાડી સામૈયા કરવામાં આવ્યા હતા. બન્ને યુવાનોએ સુરતથી સાયકલ પર ૨૫૦૦ કી.મીનું અંતર કાપી અને ઉત્સાહ પૂર્વક ચારધામ યાત્રા પૂરી કરી હતી આ બન્નેના સાહસની જાણકારી થતાં બધી તરફથી આ યુવાનોનું સ્વાગત થઈ રહ્યું છે.

મૉર્નિંગ વોકમાં નીકળેલી મહિલાના ગળામાંથી સોનાની ચેન તોડી બાઈક સવાર બે ગઠીયા રફુચક્કર

વડોદરા,

વડોદરા શહેરના હરણી વિસ્તારમાં રહેતા ૩૬ વર્ષીય મહિલા વહેલી સવારે મૉર્નિંગ વોકમાં નીકળ્યા હતા. તે દરમિયાન બાઈક પર આવેલા બે શખ્સ પૈકી એક મહિલાના ગળામાંથી ૩૯ હજારની સોનાની ચેન આંચકી ફરાર થઈ ગયા હતા. તેથી મહિલાએ હરણી પોલીસ સ્ટેશનમાં ગઠિયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના હરણી વિસ્તારમાં યજ્ઞપુરુષ રેસીડેન્સી માં રહેતા રેનુબેન ભુપેન્દ્રસિંહ યાદવે ફરિયાદ નોંધાવી છે કે ગત ૧૨ જૂનના રોજ હું સવારના મારા ઘરેથી વહેલી સવારે એકલી મોર્નીગ વોક ઉપર નીકળી હતી અને ચાલતા ચાલતા મોટનાથ મહાદેવ મંદીર રોડ ઉપર કેનાલ તરફ જતી હતી. તે દરમિયાન કેનાલ પહેલા સુકન રે સીડેન્સીવાળા રોડ ઉપર એક મોટર સાઈકલ ઉપર ડબલ સવારી બે ઇસમ પાછળથી આવી થોડી આગળ જઈને આગળથી યુ ટર્ન મારી પરંત મારી તરફ આવી રહ્યા હતા. જેમાં મોટરસાયકલના ચાલકની પાછળ બેસેલ ઈસમ નીચે ઉતરેલ અને ફોન ઉપર વાત ચીત કરતો હોય તેવું નાટક કરતો હતો. દરમિયાન હું ત્યાથી પસાર થતા પાછળથી આવી મારા ગળામા પહેરેલી દોડ તોલાની રૂપિયા ૩૯,૦૦૦ની સોનાની ચેઈન ગળામાં હાથ નાખી ઝુટવી ઝડપથી મોટર સાયકલ ઉપર બેસી બન્ને ઇસમો દેણા ચોકડી તરફ મોટરસાયકલ લઇ ભાગી ગયા હતા. હરણી પોલીસે બંને ગઠિયાઓની શોધખોળ હાથ ધરી છે.

વડોદરાના દંતેશ્વરમાં ઘરમાં ઊંઘી રહેલા યુવક પર પૂર્વ મિત્રનો ચાકુથી હુમલો

વડોદરા,

વડોદરાના દંતેશ્વર વિસ્તારમાં ઉડાના મકાનમાં ઊંઘી રહેલા યુવક પર એકલાનું કોર્ટનું વોરંટ રદ કરાવ્યું તેની અદાવત રાખી તેના પૂર્વ મિત્ર અન્ય શખ્સ સાથે મળી યુવકને માર માર્યા બાદ ચાકુથી હુમલો કર્યો હતો. દરમિયાન યુવકે બૂમાબૂમ કરતા આસપાસના લોકો જાગી જતા બંને હુમલાખોરે જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી જતા રહ્યા હતા. જેથી યુવકે મકરપુરા પોલીસ સ્ટેશનમાં બે શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. શહેરના દંતેશ્વર વિસ્તારમાં આવેલા અમર શ્રદ્ધા ના મકાનમાં રહેતા અજયભાઈ શંકરભાઈ સુરતીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે લાકડાના ડોર ફીટીગનુ છુટક કામ કરે છે.

હું અગાઉ વડોદરા એસ.ટી ડેપી પાસે આવેલી નટરાજ ટોકીઝ પાસે ઝુપડપટ્ટીમાં રહેતા હતા. ત્યારથી ભીમ ઉર્ફે કાંચો ગોપાલ બહાદુર સોનીને ઓળખું છું. આશરે સાતેક વર્ષ પહેલા હું તથા ભીમ ઉર્ફે કાંચો ગોપાલ સોનીએ પાવીજેતપુરના કરાલી પોલીસ સ્ટેશન ખાતે ઇંગલિશ દારૂના કેસમાં પકડાયા હતા. જેનો કેસ પાવી જેતપુર કોર્ટમાં ચાલે છે. જે કોર્ટમાથી અમારા નામના ધરપકડ વોરંન્ટ નીકળતા હોય જેથી મેં ભીમ ઉર્ફે કાંચો સોનીને વોરન્ટ રદ કરવા તથા કેસ જલ્દી પુરો થાય માટે સમયસર કોર્ટમાં હાજર રહેવા જણાવતા ભીમ ઉર્ફે કાંચો સોનીએ તું તારૂ જોઈ લે હું મારી રીતે મારી કેસ પતાવી દઈશ તેમ જણાવ્યુ હતું. જેથી મે પાવી જેતપુર કોર્ટ ખાતે મારા વોરન્ટ ના કામે હાજરી આપી વોરન્ટ રદ કરવી દીધું હતુ. ત્યારબાદ ભીમ ઉર્ફે કાંચો સોનીનું ધરપકડ વોરંટ નીકળતા ભીમ ઉર્ફે કાંચો સોનીએ કોર્ટમાં હાજરી આપી હતી અને પછી તેણે મને અવાર નવાર તે તારા એકલાનુ વોરન્ટ કેમ રદ કરાવી દીધું છે તેમ કહી મને મારી નાખવાની ધમકીઓ આપતો હતો. તા.૧૭/૦૬/૨૦૨૪ ના રા રાંત્રીના મારા ઘરના સભ્યો અમારા ગુડાના પર ઉઘતા હતા અને હુ મારા ઘરમાં સુતો હતો અને ઘરમાં પવન આવે જેથી દરવાજો ખુલ્લો રાખ્યો હતો. તે વખતે સવારના સાડા ચારેક વાગ્યાના ભીમ ઉર્ફે કાનચો ગોપાલ સોની અને તેનો મિત્ર કરણ મારા ઘરે આવ્યા હતા અને મને સુતેલાને માર માર્યો હતો. જેથી મેં મારો બચાવ કરવા જતા ભીમ ઉર્ફે કાંચાએ તેની પાસેનું ચપ્પુ મારા પર હુમલો કર્યો હતો.

મેં બુમાબુમ કરતા મારા મમ્મી પપ્પા દોડી આવી મને છોડાવતા હતા અને આજુ બાજુના રહીશો ભેગા થતા ભીમ ઉર્ફે કાંચો તથા તેનો મિત્ર કરણ જતા રહ્યા હતા. પરંતુ જતા જતા તને હું જીવતો નહી છોડુ તેમ કહી જાનથી મારી નાખવાને ધમકી આપી હતી. મને લોહી નીકળતી હાલતમાં એસ.એસ.જી હોસ્પીટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. મકરપુરા પોલીસે બંને હુમલાખોરોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

વડોદરા એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈમેલ મળ્યો, બોમ્બ સ્ક્વોડ અને સ્નિફર ડોગની મદદથી તપાસ

Vadodara
VADODARA AIRPORT

વડોદરા,

વડોદરા હરણી એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યો ઈમેલ મળ્યો છે. આ ઈમેલ મળતા એરપોર્ટ ઓથોરિટીએ પોલીસને જાણ કરી હતી. જેને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ કાફલો એરપોર્ટ દોડી આવ્યો હતો અને એરપોર્ટની સિક્યુરિટી એજન્સી સાથે મળી બંદોબસ્ત ગોઠવીને ઊંડી તપાસ હાથ ધરી હતી. બીજી તરફ, આ ઈમેલ કોના દ્વારા મોકલવામાં આવ્યો છે તે દિશામાં પણ તપાસ હાથ ધરાઈ છે.

એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં જ અફરાતફરી મચી ગઈ હતી. આ ધમકી પછી CISF પણ એક્શનમાં આવી ગઈ હતી અને સમગ્ર એરપોર્ટની ઊંડી તપાસ શરૂ કરી હતી. આ માટે બોમ્બ સ્ક્વોડ અને સ્નિફર ડોગની પણ મદદ લેવાઈ હતી. બીજી બાજુ પોલીસે એરપોર્ટ પર સુરક્ષા વ્યવસ્થા કડક કરી દીધી હતી. પોલીસે એરપોર્ટમાં પ્રવેશતા દરેક વાહન અને મુસાફરોની પણ ઝીણવટપૂર્વક તપાસ શરૂ કરી હતી.

એરપોર્ટ પર પોલીસ અને CISF દ્વારા ચુસ્ત બંદોબસ્ત સાથે ચેકિંગ કરાઈ રહ્યું છે. ચેકિંગ દરમિયાન એરપોર્ટ બહાર અંદર પ્રવેશતી એક કારમાં શંકાસ્પદ ઈલેક્ટ્રિક ડિવાઈસ મળી આવ્યું હતું. જો કે,આ કારચાલકે એરપોર્ટના ગેટથી જ પાછો મોકલી દેવાયો હતો. આ ઉપરાંત એરપોર્ટ પર ફાયર બ્રિગેડની બે ગાડીઓ પણ પહોંચી છે.

દસ વર્ષથી પીવાનું પાણી ગંદુ અને ઓછા પ્રેશરથી આવતા રોષ : મહિલાઓનો સૂત્રોચ્ચાર

વડોદરા,

વડોદરા શહેરના સોમા તળાવ આસપાસની અનેક સોસાયટીઓમાં દસેક વર્ષથી પૂરતા પ્રમાણમાં ચોખ્ખું પાણી મળતું નહીં હોવાના આક્ષેપો સાથે એકત્ર સ્થાનિક રહીશોએ પાણી આપો પાણી આપો ના સૂત્રો પોકારીને તંત્ર સમક્ષ રોશ વ્યક્ત કર્યો હતો. વર્ષોથી વારંવાર રજૂઆત છતાં પાલિકા તંત્ર- અધિકારીઓ કોઈ વાત સાંભળતા નથી. હવે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં કોઈ પાછી પાની કરવામાં આવશે નહીં.

ઉલ્લેખનીય છે કે સોમા તળાવ ઈલેક્શન વોર્ડ ૧૬ના આસપાસની અનેક સોસાયટીમાં સ્થાનિક રહીશો છેલ્લા ૧૦-૧૫ વર્ષથી રહે છે. આમ છતાં સ્થાનિક રહીશોને પીવાનું પાણી પૂરતા પ્રેસરથી અને ચોખ્ખું મળતું નથી. અવારનવાર ગંદુ અને ડહોળું પાણી આવતું હોવાની સ્થાનિક મહિલાઓએ ફરિયાદો કરી છે આ ઉપરાંત વિસ્તારમાં ડ્રેનેજો પણ વારંવાર ઉભરાય છે. જોકે સ્થાનિક મહિલાઓ સહિત પરિવારના અનેક લોકો મોટી સંખ્યામાં એકત્ર થઈને "પાણી આપો પાણી આપો" ના નારા જોરથી લગાવ્યા હતા.

આ અંગે તેમણે જણાવ્યું હતું કે પાલિકા તંત્રને વર્ષોથી આ બાબતે રજૂઆત કરતા આવ્યા છે પરંતુ તંત્રના બહેરા કાને કોઈ વાત સંભળાતી નથી.

જોકે સ્થાનિક કોર્પોરેટર સ્નેહલબેન પણ પાલિકાની સભામાં વારંવાર રજૂઆત કરીને થાક્યા છે પરંતુ મ્યુનિસિપલ કમિશનર મેયર કે ચેરમેન આ બાબતે કોઈ સાંભળવા તૈયાર નહીં હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. જોકે મોટી સંખ્યામાં મહિલાઓ સહિત પરિવારજનોએ જણાવ્યું હતું કે જ્યારે કોઈ અધિકારી પાણીની ફરિયાદ બાબતે તપાસ કરવા આવે ત્યારે થોડો સમય ઉડતા પ્રેશરમાં અને ચોખ્ખું પાણી મળે છે પરંતુ અધિકારી જેવા તપાસ કરીને જાય કે વોહી રફતાર ની જેમ ફરી પાછું ઓછા પ્રેશરથી ગંદુ પાણી શરૂ થઈ જાય છે.

અધિકારીઓનું કહેવું છે કે પાણીની પાઈપો આવી ગઈ છે. હવે ટૂંક સમયમાં કામ શરૂ થઈ જશે. જોકે હવે જ્યારે વરસાદ દરવાજે દસ્તક દઈ રહ્યો છે ત્યારે પાણીની લાઈનના ખાડા ખોદાશે તો ફરી એકવાર કામકાજ મુલતવી રહેશે.

વાલીઓ અને વિદ્યાર્થીઓની પ્રચંડ રેલી : વડોદરાના તમામ વિદ્યાર્થીઓને કોમર્સમાં પ્રવેશ આપવા વીસીને ૪૮ કલાકનું અલ્ટીમેટમ

વડોદરા,

એમ.એસ.યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં પ્રવેશતી વંચિત વિદ્યાર્થીઓ વાલીઓ પૂર્વ વિદ્યાર્થીઓ સેનેટ સભ્યોએ આજે પ્રચંડ આક્રોશ સાથે એમ.એસ.યુનિવર્સિટીના હોસ્ટેલ કેમ્પસ થી હેડ ઓફિસ સુધીની એક રેલી ગાડી હતી, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. "વીસી હટાવો અને એમ.એસ.યુનિવર્સિટી બચાવો" ના નારા સાથે યુનિવર્સિટી હેડ ઓફિસનું પ્રાંગણ ગાજી ઉઠ્યું હતું. બીજી તરફ શાંતિપૂર્ણ રીતે દેખાવો કરવા માટે આવેલા વિદ્યાર્થીઓને વાલીઓ જાણે આતંકવાદી હોય તે રીતે પોલીસ ખડકાવી દીધી હતી.

દસ વર્ષથી પીવાનું પાણી ગંદુ અને ઓછા પ્રેશરથી આવતા રોષ : મહિલાઓનો સૂત્રોચ્ચાર

વડોદરા

વડોદરા શહેરના સોમા તળાવ આસપાસની અનેક સોસાયટીઓમાં દસેક વર્ષથી પૂરતા પ્રમાણમાં ચોખ્ખું પાણી મળતું નહીં હોવાના આક્ષેપો સાથે એકત્ર સ્થાનિક રહીશોએ પાણી આપો પાણી આપો ના સૂત્રો પોકારીને તંત્ર સમક્ષ રોશ વ્યક્ત કર્યો હતો. વર્ષોથી વારંવાર રજૂઆત છતાં પાલિકા તંત્ર- અધિકારીઓ કોઈ વાત સાંભળતા નથી. હવે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં કોઈ પાછી પાની કરવામાં આવશે નહીં.

ઉલ્લેખનીય છે કે સોમા તળાવ ઈલેક્શન વોર્ડ ૧૬ના આસપાસની અનેક સોસાયટીમાં સ્થાનિક રહીશો છેલ્લા ૧૦-૧૫ વર્ષથી રહે છે. આમ છતાં સ્થાનિક રહીશોને પીવાનું પાણી પૂરતા પ્રેસરથી અને ચોખ્ખું મળતું નથી.

અવારનવાર ગંદુ અને ડહોળું પાણી આવતું હોવાની સ્થાનિક મહિલાઓએ ફરિયાદો કરી છે આ ઉપરાંત વિસ્તારમાં ડ્રેનેજો પણ વારંવાર ઉભરાય છે. જોકે સ્થાનિક મહિલાઓ સહિત પરિવારના અનેક લોકો મોટી સંખ્યામાં એકત્ર થઈને "પાણી આપો પાણી આપો" ના નારા જોરથી લગાવ્યા હતા.

આ અંગે તેમણે જણાવ્યું હતું કે પાલિકા તંત્રને વર્ષોથી આ બાબતે રજૂઆત કરતા આવ્યા છે પરંતુ તંત્રના બહેરા કાને કોઈ વાત સંભળાતી નથી.

જોકે સ્થાનિક કોર્પોરેટર સ્નેહલબેન પણ પાલિકાની સભામાં વારંવાર રજૂઆત કરીને થાક્યા છે પરંતુ મ્યુનિસિપલ કમિશનર મેયર કે ચેરમેન આ બાબતે કોઈ સાંભળવા તૈયાર નહીં હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.

જોકે મોટી સંખ્યામાં મહિલાઓ સહિત પરિવારજનોએ જણાવ્યું હતું કે જ્યારે કોઈ અધિકારી પાણીની ફરિયાદ બાબતે તપાસ કરવા આવે ત્યારે થોડો સમય ઉડતા પ્રેશરમાં અને ચોખ્ખું પાણી મળે છે પરંતુ અધિકારી જેવા તપાસ કરીને જાય કે વોહી રફતાર ની જેમ ફરી પાછું ઓછા પ્રેશરથી ગંદુ પાણી શરૂ થઈ જાય છે.

અધિકારીઓનું કહેવું છે કે પાણીની પાઈપો આવી ગઈ છે. હવે ટૂંક સમયમાં કામ શરૂ થઈ જશે. જોકે હવે જ્યારે વરસાદ દરવાજે દસ્તક દઈ રહ્યો છે ત્યારે પાણીની લાઈનના ખાડા ખોદાશે તો ફરી એકવાર કામકાજ મુલતવી રહેશે.

યોગેશ સ્થાનિક મહિલા કોર્પોરેટરે જણાવ્યું હતું કે આજે બાર વાગ્યાના સુમારે મીટીંગ હોવા બાબતે જાણ થઈ છે. શક્ય છે કે આ મિટિંગમાં સોમા તળાવ વિસ્તારના પાણીનો પ્રશ્ન જરૂર ચર્ચાશે તેઓ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. રોષે ભરાયેલી સ્થાનિક મહિલાઓએ સાથે જ્યારે પણ પાણીના પ્રશ્ન બાબતે રજૂઆત કરવા માટે ફોન કરીએ તો અધિકારીઓ ઉદ્ધત વર્તન કરે છે અને યોગ્ય જવાબ પણ આપતા નથી. હવે આ બાબતે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા સ્થાનિક રહીશો મહિલાઓ સહિત સૌ કોઈ મક્કમ બન્યા છે.

ગાંધીનગર ખાતેથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતા આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ

જુન-જુલાઈ-ઓગષ્ટ મહિના દરમિયાન રાજ્યના અંદાજીત ૨૩ લાખ બાળકોનું રસીકરણ હાથ ધરાશે

ગાંધીનગર

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે આજે ગાંધીનગર ખાતેથી TD (ટિટેનસ અને ડિપ્થેરીયા) અને DPT (ત્રિગુણી) રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

રસીકરણનો પ્રારંભ કરાવતા તેમણે ધનૂર અને ડિપ્થેરીયા ઉપરાંત ઝેરી કમળો, બાળ ટી.બી., પોલીયો, ઓરી, રૂબેલા, ન્યુમોનિયા અને મગજના તાવ જેવા ઘાતક રોગો સામે પ્રતિરોધક આ રસીનો રાજ્યના મહત્તમ બાળકોને લાભ લેવા અનુરોધ કર્યો હતો. વધુ વિગતો આપતા તેમણે કહ્યું કે, આ વર્ષે જુન – જુલાઈ અને ઓગષ્ટ મહિના દરમિયાન રાજ્યના અંદાજીત ૨૩ લાખ બાળકોને ઉક્ત રસીકરણ અભિયાન અંતર્ગત રોગ પ્રતિરોધક રસી આપવામાં આવશે. રાજ્યની તમામ સરકારી અને ખાનગી શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૫ અને ધોરણ ૧૦ ના તમામ બાળકોને TD (ધનૂર અને ડિપ્થેરીયા) રોગ પ્રતિરોધક રસી અપાશે.

બાળવાટિકાઓમાં ૫ વર્ષ પૂર્ણ થયેલ તમામ બાળકોનું ડીપીટી બુસ્ટરના બીજા ડોઝથી રસીકરણ કરીને ત્રણ રોગો સામે રક્ષણ પુરૂ પાડવામાં આવશે. આ રસીકરણ અભિયાન અંતર્ગત રાજ્યમાં ૯૯૨ RBSK ટીમ દ્વારા રાજ્યની ૪૯,૧૮૩ શાળાઓમાં અભ્યાસ કરતા અંદાજીત ૨૩ લાખ બાળકોનું ૧૪,૭૮૩ ટીમ દ્વારા શાળાઓમાં રસીકરણ સેશન યોજીને રસી આપવામાં આવશે. તદ્ઉપરાંત અંદાજીત ૩૬,૬૨૮ બાળવાટીકાઓના ૬,૧૩,૨૭૩ બાળકોનું કુલ ૨૯,૬૫૭ સેશન યોજીને ડી.પી.ટી. બુસ્ટરના બીજા ડોઝ આપવામાં આવશે. જો કોઈ બાળક આ સેશનમાં લાભાન્વિત થવાથી રહી જાય તો મમતા દિવસના સેશનમાં તેમને લાભ આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે રાજ્યમાં નિયત વયજૂથના કુલ ૨૩.૬૧ લાખ તરૂણોનુ સફળ રસીકરણ કરવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં TET-TATના ઉમેદવારોનું ઉગ્ર આંદોલન, ટિંગાટોળી કરી અનેકની અટકાયત

ગાંધીનગર

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી રાજ્ય સરકાર દ્વારા કાયમી શિક્ષકોની ભરતી કરવાને બદલે કરાર આધારિત જ્ઞાનસહાયકોની ભરતી કરવામાં આવી રહી છે. જેને લઈને ઉમેદવારોના ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ઉમેદવારો હવે લડી લેવાના મૂડમાં છે. ત્યારે આજે (૧૮મી જૂન) TET-TATના પાસ ઉમેદવારો ગાંધીનગર ખાતે આવેલા પથિકાશ્રમ પાસે એકઠા થયા હતા અને આંદોલન શરૂઆત કરી હતી. જેને પગલે પોલીસ એક્શન મોડમાં આવી ગઈ હતી અને ઉમેદવારોની ટિંગાટોળી કરી અટકાયતનો દૌર શરૂ કર્યો હતો.

ટેટ-ટાટ પાસ હજારો ઉમેદવારો લાબા સમયથી કાયમી ભરતીની રાહ જોઈ રહ્યા છે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા કરાર આધારિત જ્ઞાનસહાયકોની ભરતી કરવામાં આવી રહી છે. જેને લઈને ટેટ-ટાટ પાસ થયેલા હજારો ઉમેદવારો સાથે વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી ગાંધીનગર ખાતે પહોંચ્યા હતા. જો કે, જિગ્નેશ મેવાણી સહિત આંદોલન કરી રહેલા ઉમેદવારોની પોલીસે અટકાયત કરી હતી. પોલીસ એક્શન મોડમાં આવી જતા આંદોલનનો ફિયાસ્કો થઈ ગયો હતો.

ગાંધીનગરમાં ટેટ-ટાટ પાસ ઉમેદવારોના સમર્થનમાં કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી આવ્યા છે. આ મામલે તેમણે કહ્યું હતું કે, રાજ્ય સરકાર ખાલી પડેલા હોદ્દા પર તો ભરતી કરતી નથી. ટેટ-ટાટના ઉમેદવારો લાંબા સમયથી રજૂઆત કરી રહ્યા છે. ૭૦ હજારથી વધુ શિક્ષકોની ઘટ છે. ત્યારે ૯૦ હજાર ટેટ-ટાટ પાસ થયેલા ઉમેદવારોને કાયમી નોકરી આપો. ઉમેદવારો લાંબા સમયથી આંદોલન કરી રહ્યા છે. પરંતુ સરકાર તેની સાથે ચર્ચા કરવા માગતી નથી. જો સરકાર આ અંગે તાત્કાલિક નિર્ણય નહી કરે તો આગામી દિવસોમાં અમદાવાદમાં એક રેલીનું આયોજન કરી વિરોધ કરીશું. ઉલ્લેખનીય છે કે, ગુજરાતની સરકારી-ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોથી માંડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં સરકારે જ્ઞાનસહાયકની યોજના અમલમાં મૂકી છે.

NMMS પરીક્ષામાં સુરત જિલ્લાના કુલ ક્વોટા ૪૫૧ પૈકી સુરત સમિતિની શાળાના ૩૬૩ વિદ્યાર્થીએ મેરીટમાં સ્થાન મેળવ્યું

સુરત

સુરત સહિત રાજ્યમાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સરકાર દ્વારા નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે. આ સ્કોલરશીપ ડ્રોપ આઉટ રેશિયો ઘટે તે હેતુથી ધો.૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળે છે. કેન્દ્ર સરકારના માનવ સંસાધન દ્વારા આ યોજના હેઠળ પરીક્ષાના માધ્યમથી તેજસ્વી વિદ્યાર્થીઓની પસંદ કરવામાં આવે છે. આ NMMS પરીક્ષામાં સુરત જિલ્લાના કુલ ક્વોટા ૪૫૧ પૈકી સુરત સમિતિની શાળાના ૩૬૩ વિદ્યાર્થીએ મેરીટમાં સ્થાન મેળવ્યું છે.

સુરત પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં છેલ્લા કેટલાક વખતથી શિક્ષણનું સ્તર સુધરી રહ્યું છે.

સમિતિની શાળામાં ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો અભ્યાસ કરતા હોય આવા બાળકોને આગામી ભણતર માટે શિષ્યવૃત્તિ મળે તે માટે શિક્ષકો- આચાર્ય દ્વારા ખાસ આયોજન કરવામા આવે છે. કેટલીક શાળામાં તૈયારી વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે માટે પ્રાર્થના સમયમાં કે વિદ્યાર્થીનીઓને એક કલાક પહેલા બોલાવીને કરાવવામાં આવે છે.

તેના કારણે આ પરીક્ષામાં સુરત શિક્ષણ સમિતિના વિદ્યાર્થીઓ અગ્રેસર જોવા મળી રહ્યાં છે.

આ વર્ષે પરીક્ષા થઈ હતી તેમાં સુરત કોર્પોરેશન રાજ્યમાં બીજા ક્રમે છે. અન્ય ગ્રાન્ટેડ શાળા સાથે શિક્ષણ સમિતિના વિદ્યાર્થીઓ મળીને આખા સુરત કોર્પોરેશનમાંથી ૩૬૭ વિદ્યાર્થી મેરીટમાં આવ્યા છે જેમાં ૬૦ વિદ્યાર્થીઓ તો વરાછાની શાળા ક્રમાંક ૧૬ના છે. આ પરીક્ષામાં જે વિદ્યાર્થી મેરીટમાં આવે તેને ધોરણ ૯ થી ૧૨ સુધી એમ ચાર વર્ષ દર વર્ષે ૧૨૦૦૦ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે તે ચાર વર્ષ સુધી મળે છે એટલે આ ચાર વર્ષ દરમિયાન આ પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને ૪૮ હજાર જેટલી શિષ્યવૃત્તિ મળે છે તે તેમના અભ્યાસ માટે ઘણી જ ઉપયોગી બની રહે છે.

ICICI Home Finance | **કોર્પોરેટ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી - કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૯, ઈન્ડિયા.

શાખા ઓફિસ : પહેલો માળ, ૧૦૧ અને ૧૦૨, એસપીજી એમ્પ્રેસા, એલજી શોરૂમની સામે, પાસપોર્ટ સેવા કેન્દ્રની પાછળ, મીઠાખળી છ રસ્તાની પાસે, નવરંગપુરા - ૩૮૦૦૦૯.
શાખા ઓફિસ : ચોથો માળ, ઓફિસ નં. ૪૩૬-૪૪૩, એમરાલ્ડ વન, વિનવર્ડ બિઝનેશ પાર્ક, જેતપુર રોડ, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૨૦.
શાખા ઓફિસ : દુકાન નં. ૧૦૬, પહેલો માળ, શ્રી રામ શીખર, ન્યુ સ્ટેશન રોડ, આણંદ - ૩૮૮૦૦૧.
શાખા ઓફિસ : શોરૂમ નં. ૨, પહેલો માળ, ઓફિસ નં. બી-૧૨૦, શાંતિનિકેતન બિઝનેશ પાર્ક, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦.

(નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ) સ્થાવર મિલકતના વેચાણ માટેની સુચના

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ અંતર્ગત સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ બેંકમાં ગિરવે મુકેલ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ - હરાજી વેચાણ નોટીસ. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો **ભૌતિક કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ** અહીં આપેલી સંક્ષિપ્ત વિગતો મુજબ **"જેમ છે ત્યાં", "જેમ છે તે પ્રમાણે" અને "જે છે તે"** પર વેચવામાં આવશે.

ક્રમ નં.	ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારો/કાયદેસરના વારસદાર નુંનામ લોન એકાઉન્ટ નંબર	જાણીતી બોજો સાથે સુરક્ષિત મિલકતની વિગતો જો કોઈ હોય તો	બાકી લ્હેંણી રકમ	અનામત કિંમત --------- અર્નેસ્ટ મની ડીપોઝીટ	નિરીક્ષણની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય
(A)	(B)	(C)	(D)	(E)	(F)	(G)
૧.	હિમાંશુભાઈ નટવરલાલ સુતરીયા (ઉધારકર્તા), નૈયા હિમાંશુ સુતરીયા (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHAND00001469948	પ્લોટ નં. ૩૩, સંત વિલા, સંકલ્પ વાટીકાની પાછળ, રીંગ રોડની પાસે, મું. મનજીપુરા, નડીયાદ, નડીયાદ, ૧૮૭, નડીયાદ, ગુજરાત - ૩૮૭૦૦૧.	રૂા. ૬૩,૬૪,૭૮૧/- ૧૩.૦૬.૨૦૨૪	રૂા. ૨૮,૪૭,૯૬૦/- ------ રૂા. ૨,૮૪,૮૦૦/-	૨૪.૦૬.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૫.૦૭.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી
૨.	કમલેશ ગુર્જર (ઉધારકર્તા), પ્રેમા ગુર્જર (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHBRD00001347047 & LHBRD00001347036	તમામ ભાગ અને હિસ્સા સાથેની બીન ખેતીલાયક જમીનનો પ્લોટ જે મોજે - વડસર, વડોદરા, જમીનનો આર.એસ. નં. ૧૩૦, અક્ષર રેસીડેન્સી થી જાણીતું, પૈકી ટાવર - બી, પાંચમો માળ, ફલેટ નં. બી/૫૦૭, ગામ - વડસર, તાલુકો - વડોદરા, જીલ્લો - વડોદરા.	રૂા. ૨૪,૫૭,૮૪૦/- ૧૩.૦૬.૨૦૨૪	રૂા. ૧૩,૭૭,૦૦૦/- ------ રૂા. ૧,૩૭,૭૦૦/-	૨૪.૦૬.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૫.૦૭.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી
૩.	દેવરે મંગેશ (ઉધારકર્તા), દક્ષા મંગેશ દેવરે (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHAHZ00001371335 & LHAHZ00001371330	ફલેટ નં. ૨૦૩, બીજો માળ, અવિભાજીત હકક સાથેની જમીન શ્રી મારૂતિ એપાર્ટમેન્ટ થી જાણીતી સ્કીમ, જે સ્થિત બ્લોક / સર્વે નં. ૨ (જુનો બ્લોક / સર્વે નં. ૯૮૫), એફપી નં. ૫૬, ટીપી એસ નં. ૧૨, મોજે - શેરથા, તાલુકો - ગાંધીનગર, જીલ્લો - ગાંધીનગર.	રૂા. ૧૪,૩૮,૫૪૧/- ૧૩.૦૬.૨૦૨૪	રૂા. ૭,૩૨,૨૮૧/- ------ રૂા. ૭૩,૨૩૦/-	૨૪.૦૬.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૫.૦૭.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી
૪.	પટની અશ્વિનભાઈ પ્રહલાદભાઈ (ઉધારકર્તા), પટની સીતાબેન પ્રહલાદભાઈ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHAHZ00001372592 & LHAHZ00001371179	ફલેટ નં. ડી/૪૦૪, ચોથો માશ. નવજીવન વિહાર, બ્લોક-ડી, જે સ્થિત જુનો બ્લોક નં. ૨૫૪ (જુનો સર્વે નં. ૨૩૫) અને ન્યુ બ્લોક નં. ૩૦૬, એફપી નં. ૨૫૪, ટીપીએસ નં. ૪૧૩, મોજે - ગેરતપુર, તાલુકો - દસ્ક્રોઈ, જીલ્લો - અમદાવાદ, અમદાવાદ - ૩૮૨૪૦૫.	રૂા. ૧૪,૩૯,૪૬૭/- ૧૩.૦૬.૨૦૨૪	રૂા. ૪,૫૨,૪૬૬/- ------ રૂા. ૪૫,૨૫૦/-	૨૪.૦૬.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૫.૦૭.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી
૫.	રાજુભાઈ મનિષભાઈ કોઠીયા (ઉધારકર્તા), કોઠીયા સીમા રાજુભાઈ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHAND00001461252 & LHAND00001461256	રહેણાંક બંગ્લોઝ નં. ૬૩, સંત વિલા થી જાણીતું, બાંધકામનો પ્લોટ નં. ૫૫, જે સ્થિત સર્વે નં. ૧૮૭, મોજે - મનજીપુરા, સબ જીલ્લો - નડીયાદ, જીલ્લો - ખેડા.	રૂા. ૬૪,૦૦,૭૫૦/- ૧૩.૦૬.૨૦૨૪	રૂા. ૩૫,૫૩,૨૨૭/- ------ રૂા. ૩,૫૫,૩૩૦/-	૨૪.૦૬.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૫.૦૭.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી

ઓનલાઈન હરાજી અમારી ઓકશન એજન્સી ગ્લોબટેક ની વેબસાઈટ : **(URL Link-/ https://BestAuction Deal.com)** પર હાથ ધરવામાં આવશે. ગીરો / નોટીસને **તા. ૦૪.૦૭.૨૦૨૪ સુધી સાંજના ૫.૦૦ વાગ્યા પહેલા** ચડત વ્યાજ સાથે કુલ લેણાં ચુકવવાની છેલ્લી તક આપવામાં આવે છે, અન્યથા આ સુરક્ષિત અસ્કયામતો ઉપરોકત શિડયુલ મુજબ વેચવામાં આવશે.

સંભવિત બિડરોએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) આરટીજીએસ / ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) (કોલમ ઈ નો સંદર્ભ), **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ, દુકાન નં. ૧૦૬, પહેલો માળ, શ્રી રામ શીખર, ન્યુ સ્ટેશન રોડ, આણંદ - ૩૮૮૦૦૧, તા. ૦૪.૦૭.૨૦૨૪ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યા પહેલાં** મળે તેમ મોકલી આપવી. સંભવિત બિડરોએ **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ, દુકાન નં. ૧૦૬, પહેલો માળ, શ્રી રામ શીખર, ન્યુ સ્ટેશન રોડ, આણંદ - ૩૮૮૦૦૧ ખાતે તા. ૦૪.૦૭.૨૦૨૪ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા પહેલા** મળે તેમ નોંધણી ફોર્મ અને બિડના નિયમો અને શરતોના ફોર્મની સહી કરેલી નકલ પણ સબમીટ કરવી. અર્નેસ્ટ મની ડિપોઝીટ ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) **નડીયાદ, વડોદરા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા** ખાતે ચુકવવાપાત્ર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ - ઓકશનની તરફેણમાં રાષ્ટ્રીયકૃત / અનુસૂચીત બેંકમાંથી હોવો જોઈએ. હરાજીના નિરીક્ષણના નિયમો અને શરતો અથવા ટેન્ડર સબમીટ કરવા સંબંધી કોઈપણ વધુ સ્પષ્ટતા માટે કૃપા કરીને **૯૯૨૦૮૦૭૩૦૦ પર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ** અથવા અમારા સેલ્સ એન્ડ માર્કેટીંગ પાર્ટનર **NexXen સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમીટેડ** નો સંપર્ક કરો. અધિકૃત અધિકારી કોઈપણ અથવા તમામ બિડને કોઈપણ વધુ કારણો આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને **https://www.icicihfc.com/** ની મુલાકાત લો.

તારીખ : ૧૯.૦૬.૨૦૨૪
સ્થળ : નડીયાદ, વડોદરા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈસી હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ